|| શ્રી ઉમિયાચે નમઃ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



સામાજીક ન્યાયપંચ (ન્યાય સમિતિ) ના ધારા-ધોરણો

❀ મુખ્ય કાર્યાલય ❀

પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫

ફોન : (૦૨૮૩૫) ૨૨૧૦૪૯, ૨૯૨૭૦૦ ફેક્સ : ૨૨૨૧૪૯

For Reference See Pages: 3.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

॥ શ્રી ઉમિયાયે નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



સામાજીક ન્યાયપંચ (ન્યાય સમિતિ) ના ધારા-ધોરણો

❀ મુખ્ય કાર્યાલય ❀
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫
ફોન : (૦૨૮૩૫) ૨૨૧૦૪૯, ૨૯૨૭૦૦ ફેક્સ : ૨૨૨૧૪૯

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
સામાજીક ન્યાયપંચ (ન્યાય સમિતિ) ના ધારા-ધોરણો

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીમાં જ્ઞાતિજનોને જ્ઞાતિના રીત રિવાજ તથા પરંપરાઓ મુજબ ઝડપી અને બિન ખર્ચાળ ન્યાય મળી રહે તેવા ઉમદા હેતુથી ઘણા વર્ષોથી સામાજીક ન્યાય પંચ કાર્યરત હતું જેનું સંચાલન મૌખિક સ્વરૂપેજ ચાલતું. પંચ પરમેશ્વર એ સિધ્ધાંત મુજબ સૌ જ્ઞાતિજનો પંચનો ફેસલો શિરોમાન્ય રાખતા. પરંતુ સમય જતાં ન્યાયપંચ માટે લેખિત ધારા ધોરણો હોવા જોઈએ એવી માંગ સમાજમાં થવા લાગી. આના અનુસંધાને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તારીખ ૧૫-૯-૧૯૮૫ ના રોજે મળેલ સમાજની સામાન્ય સભામાં એક લેખિત સામાજીક ન્યાય પંચના ધારા ધોરણ સર્વાનુંમતે મંજુર કરી પસાર કરવામાં આવ્યા. આ લેખિત ધારા ધોરણ મુજબ આજ સુધી સામાજીક ન્યાયની પ્રક્રિયા ચાલું રહેલ. સમયના વહેણ સાથે આ ધારા ધોરણમાં સુધારા વધારા કરવાની જરૂરીઆત જણાતાં કેન્દ્રીય સમાજની તારીખ ૨૭-૫-૨૦૦૭ ના રોજે મળેલ કારોબારી સભામાં રજુઆત કરવામાં આવી. આ સભામાં સામાજીક ન્યાયપંચ માટે સમય અનુસાર ધારા ધોરણમાં સુધારા કરવા માટે ધારા ધોરણ સમિતિ રચવામાં આવી જેમાં નીચે મુજબના સભ્યોની નિમણુંક કરવામાં આવી.

અ.નં.	નામ	ગામ
૧.	અખઈભાઈ પ્રેમજીભાઈ માનાણી	નાગપુર
૨.	અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી	વડોદરા
૩.	દેવજીભાઈ માવજીભાઈ લિંબાણી	ભુજ
૪.	રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી	રાયપુર
૫.	વાલજીભાઈ હિરજીભાઈ ચૌહાણ	દહાણુંરોડ
૬.	ગંગારામભાઈ હિરાલાલભાઈ સાંખલા	દિલ્હી

૭.	હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ	ભુજ
૮.	કરમશીભાઈ નાગજીભાઈ પારસીયા	ભુજ

આ સમિતિએ સુધારેલ ધારા ધોરણોને તારીખ ૨૮-૮-૨૦૦૭ રોજ કેન્દ્રીય સમાજની કારોબારી સમિતિની સભામાં રજુ કરેલ જેને કેન્દ્રીય સમાજની કારોબારી સમિતિએ તારીખ ૨૯-૮-૨૦૦૭ રોજ કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરેલ અને કેન્દ્રીય સમાજે આ ન્યાયપંચના ધારા ધોરણોને તારીખ ૨૯-૮-૨૦૦૭ ની સામાન્ય સભામાં સર્વાનુંમતે મંજુર કરી માન્યતા આપવામાં આવેલ અને તેનો અમલ તારીખ ૨૯-૮-૨૦૦૭ થી જ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે ધારા ધોરણ નીચે મુજબના છે.

કલમ ૧ : નામ

આ ન્યાયપંચનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ રહેશે.

કલમ ૨ : મુખ્ય કાર્યાલય

આ ન્યાયપંચનું મુખ્ય કાર્યાલય શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન, મુ. નખત્રાણા, જી. કચ્છ ખાતે રહેશે.

કલમ 3 : હિસાબી વર્ષ

આ ન્યાયપંચનું નાણાંકીય હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનું કેન્દ્રીય સમાજના નાણાંકીય વર્ષ મુજબ રહેશે.

કમલ ૪ : ન્યાયપંચના હેતુ અને ઉદ્દેશો

(૧) કેન્દ્રીય સમાજે મંજુર કરેલ જ્ઞાતિ રીત રિવાજોનું સાંગોપાંગ પાલન થાય તેવા પ્રયાસો કરવા અને આવી પ્રવૃતિઓમાં સમાજને મદદરૂપ થવું.

(૨) સમાજ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવું.

(૩) સમાજના સભ્યો, જુથ, પરિવારો તેમજ ગામો વચ્ચે આપણી કેન્દ્રીય સમાજના જ્ઞાતિ રીત રિવાજોને લગતી બાબતમાં કોઈપણ પ્રશ્ન કે વાદ વિવાદ ઉભો થાય તેવા પ્રસંગે તેનો આપણી સમાજના જ્ઞાતિ રીત રિવાજો તથા પરંપરા અનુરૂપ સુખઃદ ઉકેલ લાવી નિરાકરણના પ્રયાસ હાથ ધરવા.

(૪) સમાજના સભ્યોમાં સંપ, સંગઠન, સહકાર અને ભાતૃભાવ વધે તેવા પ્રયત્નો કરવા.

કલમ ૫ : કાર્યક્ષેત્ર

આ ન્યાયપંચનું કાર્યક્ષેત્ર સમસ્ત ભારતભરનું રહેશે.

કલમ ૬ : વ્યાખ્યા

આ ધારા ધોરણમાં વપરાયેલ શબ્દ / શબ્દોનો અર્થ નીચે લખ્યા મુજબનો રહેશે.

સમાજ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.

સભ્ય : કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિજનો

કેન્દ્રીય ન્યાયપંચ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે નિયુક્ત કરેલ પંચ.

ઝોનલ ન્યાયપંચ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ભારતભરમાં પાડવામાં આવેલ ઝોનો પૈકી જે તે ઝોન દ્વારા નિયુક્ત કરેલ પંચ.

સ્થાનિક ન્યાયપંચ : સ્થાનિક સમાજો દ્વારા નિયુક્ત કરેલ પંચ.

કલમ ૭ : સામાજીક ન્યાયપંચનું માળખુ અને પંચના સભ્યોની નિયુક્તિ

ન્યાયપંચના માળખામાં તબક્કાવાર નીચે લખ્યા મુજબના ત્રણ પ્રકારના ન્યાયપંચ રહેશે.

(૧) સ્થાનિક ન્યાયપંચ / સમાજ :

દરેક ગામ અને શહેરની સ્થાનિક સમાજ પોત પોતાના સભ્યોમાં ઉપસ્થિત થતા વિવાદોનું સુખઃદ સમાધાન કરવા માટે પોત પોતાની રીતે ન્યાયપંચની રચના કરી શકશે.

(૨) ઝોનલ ન્યાયપંચ :

કેન્દ્રીય સમાજે માન્ય કરેલ દરેક ઝોને પોત પોતાના ઝોનમાં એક ઝોનલ ન્યાયપંચની રચના કરવાની રહેશે. આવા ન્યાયપંચના સભ્યોની નિમણુંક ઝોનની સામાન્ય સભામાં કરવાની રહેશે. આવા નિયુક્ત થયેલ સભ્યોનો કાર્ય કાળ ઝોનની કારોબારી સમિતિના કાર્યકાળ મુજબનો જ રહેશે. જ્યાં સુધી બીજા ઝોનલ ન્યાયપંચની રચના ન થાય અને કાર્ય ન સંભાળે ત્યાં સુધી ચાલુ ઝોનલ ન્યાયપંચ કાર્યરત રહેશે. ઝોનલ ન્યાયપંચના સભ્યોના નામો તેમજ તેમાં વખતોવખત જે ફેરફાર થાય તે કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને નખત્રાણા કાર્યાલય ખાતે મોકલવાના રહેશે.

(3) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ :

ક) કેન્દ્રીય સમાજની કારોબારીની ચુંટણી થાય ત્યારબાદ ચુંટાયેલ કારોબારી અને ટ્રસ્ટીઓની મળનાર પ્રથમ સંયુક્ત સભામાં કેન્દ્રીય ન્યાયપંચના ચેરમેન, મંત્રી અને ખજાનચી સહિત ૧૨ (બાર) સભ્યોની તેમજ ૩ (ત્રણ) મહિલા સભ્યોની નિમણુંક કરવાની રહેશે. આમ કુલ ૧૫ (પંદર) સભ્યોનું સામાજીક ન્યાયપંચ બનશે. જરૂર જણાય ત્યારે કાયદાના તજજ્ઞ સભ્યોની સેવા લઈ શકશે.

ખ) આ ન્યાયપંચમાં સેવા આપનાર સભ્યોની નિયુક્તિ સમયે સભ્યોના સામાજીક પ્રવૃત્તિઓનો અનુભવ, તટષ્થતા, ચારિત્ર્ય સુધ્ધતા અને પ્રામાણિક્તાને ધ્યાનમાં લેવામાં આવશે.

ગ) ન્યાયપંચમાં નિમાનાર વ્યક્તિની ઉંમર ૪૦ વર્ષથી ઉપરની હોવી જોઈએ.

ઘ) આ પંચનો કાર્યકાળ જે તે સમયની સમાજની કારોબારી સમિતિના કાર્યકાળ મુજબનો રહેશે. જ્યાં સુધી નવા ન્યાયપંચની નિયુક્તિ ન થાય અને કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી ચાલુ ન્યાયપંચ કાર્યરત રહેશે.

ચ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ તથા તેની કાર્યવાહી કેન્દ્રીય સમાજની કારોબારી સમિતિને આધિન રહેશે.

છ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમાજનું સર્વોચ્ચ ન્યાયપંચ ગણાશે અને કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી હોદ્દાની રૂએ આ ન્યાયપંચની સભાઓમાં જરૂર જણાય તો હાજર રહી શકશે અને કાર્યવાહીમાં ભાગ લઈ શકશે તેમજ માર્ગદર્શન આપી શકશે.

કલમ ૮ : સામાજીક ન્યાયપંચની તબક્કાવાર કાર્યપધ્ધતિ

(૧) જ્યારે સમાજના કોઈ સભ્યો કે પક્ષકારો વચ્ચે કોઈ પ્રશ્ન કે વિવાદ ઊભો થાય ત્યારે તેવા પક્ષકારોએ પોતાના પરીવાર / પરીવારો સમક્ષ લેખિત કે મૌખિક રજુઆત કરી તેનો નિકાલ લાવવાના પ્રયત્નો કરવાના રહેશે અને જો તેવા પ્રયત્નોમાં સફળતા ન મળે કે સંતોષકારક નિકાલ ન આવે તો તેવા પક્ષકાર કે પક્ષકારોએ પોતાની સ્થાનિક સમાજ / ન્યાયપંચને

સામાજીક રાહે પ્રશ્ન કે વિવાદનો ઉકેલ લાવવા લેખિત રજુઆત / અરજી કરવાની રહેશે અને અરજી કરનાર સમાજનો સભ્ય હોવ જોઈએ.

(૨) આવી રજુઆત / અરજી મળ્યાથી સ્થાનિક સમાજ / સમાજો / ન્યાયપંચ કેસના મુદ્દાઓ તપાસી બંને પક્ષકારો પાસેથી જરૂરી ખુલાસાઓ મેળવી અને કબુલાતનામું મેળવી યોગ્ય ન્યાય આપશે.

(૩) વિવાદાસ્પદ મુદ્દાઓથી સંબધિત પક્ષકારો જુદા જુદા ગામોના હોય તેવા પ્રસંગે જે તે ગામની સમાજો સાથે મળી અથવા સંયુક્ત ન્યાયપંચ નિમી કેસનો નિકાલ કરી શકશે.

(૪) સ્થાનિક સમાજ / ન્યાયપંચ / સમાજો / સંયુક્ત ન્યાયપંચ પાસે નિકાલ અર્થે આવેલ પ્રશ્ન કે વિવાદનો નિકાલ કરવાના યોગ્ય પ્રયત્નો કરવા છતાં જો નિકાલ ન આવે અથવા જે નિર્ણય કરવામાં આવેલ હોય તે નિર્ણયનો અમલ કે પાલન કરવામાં પક્ષકાર / પક્ષકારો સાથ સહકાર ન આપે તો તેવા સંજોગોમાં સ્થાનિક સમાજ / ન્યાયપંચ / સમાજો / સંયુક્ત ન્યાયપંચ તેવા કેસને પોતાના ઝોનના ઝોનલ ન્યાયપંચને મોકલી આપશે અને આગળની જરૂરી તથા યોગ્ય કાર્યવાહી કરવા લેખિત ભલામણ કરશે. આવી ભલામણ સાથે કેસ અંગેના તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો મોકલવાની રહેશે.

(૫) મુદ્દા નં. ૪ માં જણાવ્યા મુજબની જ્યારે કોઈ ભલામણ આવે ત્યારે ઝોનલ ન્યાયપંચ તેવી ભલામણના દસ્તાવેજો તથા વિગતો તપાસી આગળની જરૂરી અને યોગ્ય કાર્યવાહી કરી સ્થાનિક સમાજ લેવલે અનિર્ણિત રહેલ વિવાદનો ઉકેલ લાવશે અથવા

જે નિર્ણયનો અમલ કે પાલન થયેલ નથી તેનો અમલ કે પાલન કરાવવા યોગ્ય પગલા લેશે અને જરૂર જણાય તો સ્થાનિક સમાજો તથા પક્ષકારોને વધુ રજુઆત કરવા માટે તક આપશે અને આવી રજુઆતોને ધ્યાનમાં લઈ સ્થાનિક સમાજ / ન્યાયપંચના નિર્ણયની સમિક્ષા કરી પોતાનો નિર્ણય આપશે.

(૬) ઝોનલ ન્યાયપંચ પાસે નિકાલ અર્થે આવેલ પ્રશ્ન કે વિવાદનો નિકાલ કરવાના યોગ્ય પ્રયત્નો કરવા છતાં જો નિકાલ ન આવે અથવા જે નિર્ણય કરવામાં આવેલ હોય તે નિર્ણયનો અમલ કે પાલન કરવામાં પક્ષકાર / પક્ષકારો સાથ સહકાર ન આપે તો તેવા સંજોગોમાં ઝોનલ ન્યાયપંચ તેવા કેસને કેન્દ્રીય ન્યાયપંચને મોકલી આપશે અને આગળની જરૂરી તથા યોગ્ય કાર્યવાહી કરવા લેખિત ભલામણ કરશે. આવી ભલામણ સાથે કેસ અંગેના તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો મોકલવાની રહેશે.

(૭) મુદ્દા નં. ૬ માં જણાવ્યા મુજબની જ્યારે કોઈ ભલામણ આવે ત્યારે કેન્દ્રીય ન્યાયપંચ તેવી ભલામણના દસ્તાવેજો તથા વિગતો તપાસી આગળની જરૂરી અને યોગ્ય કાર્યવાહી કરી ઝોનલ સ્તરે અનિર્ણિત રહેલ વિવાદનો ઉકેલ લાવશે અથવા જે નિર્ણયનો અમલ કે પાલન થયેલ નથી તેનો અમલ કે પાલન કરાવવા યોગ્ય પગલા લેશે અને જરૂર જણાય તો ઝોનલ ન્યાયપંચ તથા પક્ષકારોને વધુ રજુઆત કરવા માટે તક આપશે અને આવી રજુઆતોને ધ્યાનમાં લઈ ઝોનલ ન્યાયપંચના નિર્ણયનીસમિક્ષા કરી પોતાનો નિર્ણય આપશે.

(૮) સ્થાનિક સમાજ / ન્યાયપંચ, ઝોનલ ન્યાયપંચ અને કેન્દ્રીય ન્યાયપંચ સમક્ષ જ્યારે કોઈ કેસ કે વિવાદ સામાજીક રાહે નિર્ણય અર્થે આવે ત્યારે તેવા કેસનો નિર્ણય તાત્કાલિક ધોરણે લાવવાના તમામ પ્રયત્નો કરવાના રહેશે.

સ્થાનિક સમાજે / ન્યાયપંચે આવા કેસની કાર્યવાહી એક માસની અંદર તથા ઝોનલ ન્યાપંચે બે માસની અંદર અને કેન્દ્રીય ન્યાપંચે ત્રણ માસની અંદર શરૂ કરી દેવા માટે તમામ શક્ય પ્રયત્નો કરી વહેલામાં વહેલી તકે કેસનો નિકાલ લાવવાનો રહેશે.

આવી કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો તથા આપણીસમાજના રીત રિવાજો અને પરંપરાઓને ધ્યાનમાં રાખી ને તેમજ પક્ષકારોનો સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય ન થાય તેવી રીતે કાર્યવાહી પુરી કરવાની રહેશે.

કમલ ૯ : કેન્દ્રીય સમાજીક ન્યાયપંચની કાર્યપદ્ધતિ

(૧) કેન્દ્રીય સામાજીક ન્યાપંચ સમાજનું સર્વોચ્ચ ન્યાયપંચ ગણાશે.

(૨) કેન્દ્રીય સામાજીક ન્યાપંચ સાથેનો પત્ર વ્યવહાર ફક્ત નખત્રાણા ખાતેના પંચના કાર્યાલયના સરનામે કરવાનો રહેશે.

(૩) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ વર્ષમાં ઓછામાં ઓછી ૨ (બે) સભાઓ સમયાંતરે અનુકુળતાએ અનુકુળ સ્થળે યોજશે, તેમજ જરૂર જણાય તો વધુ સભાઓનું આયોજન કરી શકશે.

(૪) અ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ ઉપર મુજબની કલમ ૮ ની પેટા કલમોમાં જણાવેલ તબક્કાવાર કાર્યપધ્ધતિ પુરી કરીને જે કેસો કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમક્ષ આવશે તેવા કેસોનો જ સ્વીકાર કરી અને તેનો નિકાલ કરશે.

બ) અનિવાર્ય સંજોગોમાં કોઈ કેસ કે વિવાદનો તાત્કાલિક ધોરણે નિકાલ કરવો પડે તેવા સંજોગો હોય તો તેવા પક્ષકાર કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને તે અંગે અરજી કરી શકશે.

ક) ઉપર મુજબની અરજી આવે ત્યારે ચેરમેનશ્રી પંચના અન્ય સભ્યોની સંમતિથી આવી અરજીનો યોગ્ય અને પુરતા કારણો જણાય તો સ્વીકાર કરી શકશે અને તેવા કેસ કે વિવાદનો નિકાલ તાત્કાલિક ધોરણે કરવાના પ્રયત્નો કરશે.

ડ) જો ન્યાયપંચને ઉપર મુજબની અરજીમાં કેસનો નિકાલ તાત્કાલિક ધોરણે કરવા માટેના યોગ્ય અને પુરતા કારણો ન જણાય તો ન્યાયપંચ તેવી અરજીનો અસ્વીકાર કરી શકશે અને તેવા પક્ષકારને કલમ ૮ માં જણાવ્યા મુજબ તબક્કાવાર કાર્યપધ્ધતિનું અનુસરણ કરવા ભલામણ કરશે.

ઈ) આવી અરજીનો જવાબ આપવા કે બીન જરૂરી પત્ર વ્યવહાર કરવા પક્ષકાર પંચ ઉપર દબાણ કે સુચન કરી શકશે નહીં.

(૫) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ પાસે આવેલ અરજીઓ વિષે ચર્ચા વિચારણા કરી બંને સંબંધિત પક્ષકારોનો અનુકુળ સ્થળે અને સમયે હાજર થવા જણાવશે. સ્થળ અને સમય બાબતનો પંચે લીધેલ નિર્ણય બંને પક્ષકારોને માન્ય રાખવાનો રહેશે.

(૬) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને આવેલ અરજીના આધારો તપાસી ચર્ચા વિચારણા બાદ બંને પક્ષકારો પાસેથી કેસ ચલાવવા માટે લેખિત સંમતિપત્રકો મળ્યા પછી કેસની કાર્યવાહી આગળ ચલાવશે.

(૭) કેન્દ્રીય ન્યાયપંચ ન્યાયની પ્રક્રિયા દરમ્યાન સંબંધિત પક્ષકારોને પોત પોતાના પક્ષની રજુઆત કરવાની તક આપશે.

(૮) પંચે બંને પક્ષકારોની રજુઆતો સાંભળ્યા બાદ કેસનો ગુણદોષ તપાસી યોગ્ય તેમજ અંતિમ ફેસલો આપતાં પહેલાં પંચનો ફેસલો બંને પક્ષકારો કબુલ મંજુર રાખશે તે અંગેનુ લેખિત કબુલાતનામુ બંને પક્ષકારો પાસેથી લીધા બાદ પંચ ફેસલો આપશે.

(૯) અ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમક્ષ આવેલ કેસમાં જો કોઈ પક્ષકાર કેસ ચલાવવા માટે લેખિત સંમતિપત્ર આપવાની ના પાડે તો તેવા સંજોગોમાં પંચ તે અંગેની જાણ કેન્દ્રીય સમાજને કરશે. કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓની સલાહ મુજબ પંચ આવા પક્ષકારને સંમતિપત્ર આપવા માટે ૧૫ દિવસનો સમય આપશે. તેમ છતાં જો પક્ષકાર સંમતિપત્ર ન આપે તો પણ પંચ કેસ આગળ ચલાવી શકશે અને કેસની હકિકતો તથા આધાર પુરાવાઓ ધ્યાનમાં લઈ તેમજ સંમતિ આપનારની રજુઆત સાંભળીને પોતાની વિવેક બુધ્ધિ મજુબ તેવા કેસનો નિર્ણય કરશે અને તેવો ફેસલો બંને પક્ષકારોને માન્ય રાખવાનો રહેશે.

બ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમક્ષ આવેલ કેસમાં પક્ષકારોની રજુઆતો સાંભળ્યા બાદ તેમજ ફેસલો આપતાં પહેલાં પંચ પક્ષકારો પાસેથી લેખિત કબુલાતનામાની માંગણી કરે અને જો કોઈ પક્ષ કબુલાતનામું આપવાની ના પાડે તો તેવા સંજોગોમાં પંચ તે અંગેની જાણ કેન્દ્રીય સમાજને કરશે. કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓની સલાહ મુજબ પંચ આવા પક્ષકારને

કબુલાતનામું આપવા માટે ૧૫ દિવસનો સમય આપશે. તેમ છતાં જો પક્ષકાર કબુલાતનામું ન આપે તો પણ પંચ કેસની હકિકતો, આધાર પુરાવાઓ ધ્યાનમાં લઈ તેમજ પક્ષકારોની રજુઆતો ધ્યાનમાં લઈ પોતાનીવિવેક બુદ્ધિ મુજબ તેવા કેસનો નિર્ણય કરશે અને તેવો ફેસલો બંને પક્ષકારોને માન્ય રાખવાનો રહેશે.

(૧૦)કેન્દ્રીય ન્યાયપંચ કોઈ પણ ફેસલો સર્વાનુમતે અથવા બહુમતિના આધારે આપી શકશે.

(૧૧)સ્થાનિક સમાજ / ન્યાયપંચ / ઝોનલ ન્યાયપંચ / કેન્દ્રીય ન્યાયપંચ કેસનો ચુકાદો જાહેર કરશે તે અસલ ચુકાદો પોતાના રેકોર્ડમાં રાખશે અને તેની નકલ પક્ષકારોને આપવાની રહેશે.

(૧૨)સમાજના સભ્યોને જ્ઞાતિના રીત રિવાજ તથા વર્ષો જુની પરંપરાઓ મુજબ ઝડપી અને બિનખર્ચાળ ન્યાય મળી રહે તેવા ઉમદા હેતુથી ન્યાય આપવા માટેની આપણી જે વર્ષો જુની સામાજીક વ્યવસ્થા ચાલતી આવેલ છે તે પ્રક્રિયાને લેખિત સ્વરૂપ આપીને તેમજ જ્ઞાતિજનો સમગ્ર ભારતમાં જુદાજુદા વિસ્તારોમાં ધંધાર્થે વસે છે તેથી ન્યાય મેળવવામાં તમામને અનુકુળતા રહે તે માટે ત્રિસ્તરીય વ્યવસ્થા બનાવીને તેમજ હાલના સમયને અનુરૂપ બનાવીને આ વ્યવસ્થા ઉભી કરેલ છે. જ્ઞાતિજનો કાયદાની આંટીઘુંટી તથા કોર્ટ રાહે ન્યાય મેળવવાની ખર્ચાળ અને લાંબી પ્રક્રિયામાં પડવાના બદલે ન્યાય મેળવવા માટેની સમાજની આ વ્યવસ્થાનો લાભ લઈ શકે છે. આ વ્યવસ્થામાં જ્ઞાતિના રીત રિવાજ અને વર્ષો જુની પરંપરાઓના આધારે વિવાદનો નિકાલ કરવામાં આવતો હોવાથી આ વ્યવસ્થામાં ભાગ લેનાર પક્ષકારો જે રજુઆતો કરશે તેને તથા જે પુરાવાઓ રજુ કરશે તેને તથા પંચ જે

ફેસલા આપશે તેને કોઈ પણ કાયદાની કોર્ટમાં કે સરકારી કચેરીમાં પુરાવા તરીકે રજુ કરી શકાશે નહી અને તેવા કોઈ ફેસલાની સામે કાયદાની કોઈ કોર્ટમાં કાર્યવાહી કરી શકાશે નહીં.

કલમ ૧૦ : ન્યાયપંચોના ફેસલાનું / ચુકાદાનું અમલીકરણ

(૧) સામાજીક ન્યાયપંચોએ વિવિધ સ્તરે આપેલ ફેસલાને માન્ય કરવાની સમાજના દરેક સભ્યની નૈતિક ફરજ રહેશે.

(૨) અ) ન્યાય આપવા ઉભી કરેલ આ વ્યવસ્થા અન્વયે સ્થાનિક સમાજ / ન્યાયપંચ કે ઝોનલ ન્યાયપંચ જે ફેસલો આપશે તેનો અમલ તથા પાલન કરવાની સમાજના દરેક સભ્યની ફરજ રહેશે. જો કોઈ સભ્ય કે પક્ષકાર આવા ફેસલાનો અમલ કે પાલન કરવાની ના પાડે કે આનાકાની કરશે તો જે તે સ્થાનિક / ઝોનલ સમાજ તેની સામે યોગ્ય પગલાં લઈ શકશે અને કેન્દ્રીય સમાજને પણ આવા સભ્ય સામે યોગ્ય પગલાં લેવાની વિનંતી કરી શકશે.

બ) જો કોઈ સમાજનો સભ્ય કેન્દ્રીય ન્યાયપંચના ફેસલાનો અમલ કે પાલન કરવાની ના પાડે કે આનાકાનીકરે તો તેવા સભ્ય સામે યોગ્ય પગલાં લેવા કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ કેન્દ્રીય સમાજને વિનંતી કરશે અને કેન્દ્રીય સમાજ આવા સભ્ય સામે સમાજના રીત રિવાજો અનુસાર યોગ્ય પગલાં લેશે.

(3) સમાજ કે ન્યાયપંચના ફેસલાનો અમલ કે પાલન ન કરનાર સભ્યને સમાજનો કોઈ સભ્ય અથવા સ્થાનિક સમાજ કે ઝોનલ સમાજ તેમજ કેન્દ્રીય સમાજના હોદ્દેદારોએ સહકાર કે ટેકો આપવો નહીં.

(૪) સમાજ કે ન્યાયપંચના ફેસલાનો અમલ કે પાલન ન કરનાર સભ્ય કે પક્ષકાર સામે તે અંગે સમાજ તરફથી જે પગલાં લેવામાં આવે ત્યારબાદ તેવા સભ્ય કે પક્ષકાર જો પોતાની ભુલકબુલ કરી આવા ફેસલાનો અમલ કરશે અને સમાજ તરફથી લેવામાં આવેલ પગલાં પરત લેવાની વિનંતી કરશે ત્યારે સમાજને યોગ્ય લાગશે તો તેવા પગલાં પરત લઈ શકશે.

કમલ ૧૧ :

કેન્દ્રીય સામાજીક ન્યાયપંચના પદાધિકારીઓની સત્તાઓ અને ફરજો

ચેરમેનશ્રીની સત્તાઓ અને ફરજો :

(૧) ન્યાયપંચના માળખા ઉપર પુરતી દેખરેખ રાખશે.
(૨) ન્યાયપંચની દરેક સભામાં અધ્યક્ષ સ્થાન શોભાવશે.
(૩) તમામ સમાજો / ન્યાયપંચો ધારા ધોરણમાં દર્શાવ્યા મુજબ પ્રક્રિયા હાથ ધરે તે માટે જરૂરી માર્ગદર્શન / સલાહ સુચન આપશે.
(૪) સમાજનું ગૌરવ જળવાય અને ન્યાય વ્યવસ્થાની ગરીમા જળવાય તેવા તમામ પ્રયત્નો કરશે.
(૫) ન્યાય વ્યવસ્થાની પ્રક્રિયા બાબત યોગ્ય ખર્ચ કરવાની સત્તા રહેશે.

મંત્રીશ્રીની સત્તાઓ અને ફરજો :

(૧) ચેરમેનશ્રીની અનુમતિથી કેન્દ્રીય ન્યાયપંચની સભાઓનું આયોજન કરશે અને સંબંધિત પક્ષકારોને તે બાબતના પરીપત્રો મોકલાવશે.

(૨) સભામાં થયેલ કાર્યવાહીની નોંધ (મિનિટ્સ) રાખશે અને ઓફિસના સાહિત્યની જાળવણી કરશે.

(૩) પક્ષકારો પાસેથી આવેલ અરજીના અનુસંધાનમાંપુરાવાઓ, દસ્તાવેજો, આધારો એકત્ર કરી અરજી સાથે સાંકળશે.

(૪) કેસની થયેલ કાર્યવાહી ચેરમેનશ્રીની મંજુરીથી પક્ષકારોને જોવાની સગવડ કરી આપશે.

(૫) કેન્દ્રીય ન્યાયપંચે આપેલ ફેસલાનો સાંગોપાંગ અમલ થાય તેવા પ્રયત્નો કરશે.

(૬) ન્યાય વ્યવસ્થા સંબંધિત યોગ્ય ખર્ચ કરી શકશે.

ખજાનચીની સત્તાઓ અને ફરજો :

(૧) ન્યાયપંચના આવક-જાવકના હિસાબો રાખશે.

(૨) ચેરમેનશ્રી / મંત્રીશ્રીની સુચના મુજબ નાણા સ્વીકારશે અને ચુકવણું કરશે અને તેના હિસાબ રાખશે.

(૩) ન્યાયપંચ દ્વારા થયેલ ખર્ચનો આવક-જાવકનો હિસાબ કેન્દ્રીય સમાજની કારોબારી સમિતિની સભામાં મંજુરી માટે રજુ કરશે.

કલમ ૧૨ : ન્યાયપંચોનો કાર્યકાળ

(૧) ગામે ગામની સ્થાનિક સમાજ દ્વારા નિમાયેલ ન્યાયપંચનો કાર્યકાળ સ્થાનિક સમાજના બંધારણ મુજબ રહેશે.

(૨) ઝોનલ ન્યાયપંચનો કાર્યકાળ કલમ નં. ૭ (૨) માં જણાવ્યા મુજબનો રહેશે.

(૩) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચનો કાર્યકાળ કલમ નં.૭ (૩) માં જણાવ્યા મુજબનો રહેશે.

કલમ ૧૩ : ખર્ચફંડની વ્યવસ્થા બાબત

કેન્દ્રીય ન્યાયપંચે આપેલ ફેસલામાં જણાવેલ આર્થિક રકમના વ્યવહાર ઉપરાંત ૧૦ ટકા રકમ કેન્દ્રીય ન્યાયપંચમાં સમાજ વિકાસના કાર્યો અને ન્યાય વ્યવસ્થાના ખર્ચ માટે જમા કરાવવાની રહેશે.

કલમ ૧૪ : ન્યાયપંચના સભ્ય / સભ્યો રાજીનામા અથ વા અન્ય કારણસર ખાલી પડેલ જગ્યા પર નવા સભ્યની નિયુક્તિ બાબત

(૧) બે સ્તરની સ્થાનિક તથા ઝોનલ ન્યાયપંચના કોઈ સભ્ય / સભ્યોનું રાજીનામું આવે અથવા અન્ય કારણસર જગ્યા ખાલી થાય ત્યારે જે તે સ્થાનિક સમાજ / ઝોનલ સમાજ પોતાની ત્યાર પછીની મળનાર પ્રથમ સભામાં ખાલી સ્થાન માટે નવા સભ્યની નિમણુંક કરી શકશે.

(૨) ન્યાયપંચ પાસે નિકાલ અર્થે આવેલ કોઈ વિવાદમાં ન્યાયપંચના કોઈ સભ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા હોય કે હિત ધરાવતા હોય તો તેવા સભ્ય તે કેસની કાર્યવાહીમાં ન્યાયપંચના સભ્ય તરીકે ભાગ લઈ શકશે નહીં.

(૩) કેન્દ્રીય ન્યાયપંચના કોઈ પણ હોદ્દેદાર તેમજ કોઈપણ સભ્ય સ્વેચ્છાએ રાજીનામું આપવા માગતા હોય તો તેઓ તે બાબતનું લેખિત કારણ જણાવતું રાજીનામું કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીને આપી શકશે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી આવા આવનાર રાજીનામા બાબત તેઓપાસેથી જરૂરી ખુલાસોઓ જાણી હોદ્દા

ઉપર ચાલુ રહેવા જણાવી શકશે અથવા યોગ્ય જણાય તો રાજીનામાનો સ્વીકાર કરી શકશે અને ખાલી પડેલ જગ્યાએ કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓની સલાહ મુજબ નવા સભ્યોની નિમણુંક કરી શકશે.

(૪) સંજોગોવસાત કેન્દ્રીય સામાજીક ન્યાયપંચના ચેરમેનશ્રીનું રાજીનામું સ્વીકારમાં આવે અથવા અન્ય કારણસર ચેરમેનશ્રીના હોદ્દાની જગ્યા ખાલી પડે તો તેવા સમયે કેન્દ્રીય સમાજની કારોબારી અને ટ્રસ્ટીશ્રીઓ નવા ચેરમેનશ્રીની નિયુક્તિ કરી શકશે.

કલમ ૧૫ : પંચના સભ્યનું સમાજના હિત વિરૂધ્ધ વર્તન અંગે

(અ) સ્થાનિક કે ઝોનલ ન્યાયપંચના કોઈ પણ સભ્યનું વર્તન સમાજના હિત વિરૂધ્ધનું હોય તો તેવા સભ્ય પાસેથી યોગ્ય ખુલાસો મેળવી જરૂર જણાય સ્થાનિક કે ઝોનલ સમાજની કારોબારી આવા સભ્યને પદમુક્ત કરી શકશે અને તેમની જગ્યાએ નવા સભ્યની નિમણુંક કરી શકશે.

(બ) કેન્દ્રીય સામાજીક ન્યાયપંચના કોઈપણ સભ્યનું વર્તન સમાજના હિત વિરૂધ્ધનું હોય તેવા સભ્ય પાસેથી યોગ્ય ખુલાસો મેળવી જરૂર જણાય તો સમાજની કારોબારી સભા તેવા સભ્યને પદમુક્ત કરી શકશે અને તેમની જગ્યાએ નવા સભ્યની નિમણુંક કરી શકશે.

કલમ ૧૬ : ધારા ધોરણમાં ફેરફાર બાબત

કેન્દ્રીય સામાજીક ન્યાયપંચના ધારા ધોરણમાં ફેરફાર કરવાની કે

સુધારો કરવાની જરૂરીઆત જણાય તો કેન્દ્રીય સમાજની વાર્ષિક સામાન્ય સભામાં અથવા અસાધારણ સભામાં સુધારા વધારા કરી શકાશે.

વાલજીભાઈ શીવજીભાઈ વાડીયા
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

નોંધ : આ ન્યાય પ્રક્રિયામાં જણાવેલ અરજી, સંમતિપત્ર અને કબુલાતનામાના નમુનાઓ પક્ષકારોના માર્ગદર્શન અને સગવડતા ખાતર આ સાથે સામેલ છે અને તેને અનુસરવાના રહેશે.

નમુનો નં ૧ : ન્યાય મેળવવા માટેની અરજીનો નમુનો

પ્રતિ,
ચેરમેનશ્રી,
કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન
મુ. નખત્રાણા, જી. કચ્છ - ૩૭૦ ૬૧૫.

વિષય : ન્યાય મેળવવા માટેની અરજી

૧. અરજદારનું પુરૂં નામ અટક સાથે, ઉંમર, અભ્યાસ, ધંધો, મુળ વતનનું સરનામું, હાલનું સરનામું અને ટેલિફોન નંબર.
૨. સામાવાળા પક્ષનું પુરૂં નામ અટક સાથે, ઉંમર, અભ્યાસ, ધંધો, મુળ વતનનું સરનામું, હાલનું સરનામું અને ટેલિફોન નંબર.
૩. પક્ષકારો વચ્ચે શું સંબંધ છે તે જણાવવું.
૪. વિવાદ / તકરારની વિગત જણાવવી.
૫. વિવાદનો ઉકેલ લાવવા માટે કરવામાં આવેલ પ્રયત્નોની વિગત તથા તેવા પ્રયત્નો નિષ્ફળ જવાનાં કારણો જણાવવા.
૬. વિવાદ અંગે માહિતી કે જાણકારી ધરાવતી હોય અને વિવાદનો ઉકેલ લાવવામાં મદદરૂપ થઈ શકે તેવા સમાજના ભાઈઓ, બહેનો, સાક્ષીઓનાં નામ સરનામાં જણાવવાં.
૭. કોઈ દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ હોય તો તેની વિગત જણાવવી.
૮. વિવાદનો નિકાલ કઈ રીતે લાવવા માગો છો તે જણાવવું.
૯. અન્ય વિશેપ માહિતી કે વિગતો હોય તો જણાવવી.

સ્થળ : ____________________

તારીખ : ____________________

અરજદારની સહી ____________________

નમુનો નં. ૨ : સંમતિપત્રનો નમુનો

કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમક્ષ

પક્ષકાર નં. ૧ /અરજદાર ____________________

અને

પક્ષકાર નં. ૨ / સામાવાળા ____________________

વિષય : સંમતિપત્ર

અમો ઉપરોક્ત પક્ષકાર નં. ૧ / અરજદાર અને પક્ષકાર નં. ૨ / સામાવાળા વચ્ચે ____________________ બાબતમાં વિવાદ ઉભો થયેલ છે. આ વિવાદનો નિકાલ લાવી આપવા માટે અમોએ અમારો કેસ કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને સોંપેલ છે. આપણી સમાજના રીત રિવાજો, પરંપરાઓ, ધારાધોરણો અને નિયમો મુજબ આ કેસનો નિકાલ કરવા માટે કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને આ કેસના સંજોગો જોતાં યોગ્ય લાગે તેવી તમામ કાર્યવાહી કરવા અમો પક્ષકારો અમારી સંમતિ આપીએ છીએ અને તેવી કાર્યવાહીમાં જરૂરી સાથ સહકાર આપવા અમો સંમત છીએ.

સ્થળ : ____________________

તારીખ : ____________________

પક્ષકાર નં. ૧ / અરજદારની સહી ____________________

અને

પક્ષકાર નં. ૨ / સામાવાળાની સહી ____________________

નમુનો નં. ૩ : કબુલાતનામાનો નમુનો

કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ સમક્ષ

પક્ષકાર નં. ૧ /અરજદાર ______________________
અને
પક્ષકાર નં. ૨ / સામાવાળા ______________________

વિષય : કબુલાતનામું

અમો ઉપરોક્ત પક્ષકાર નં. ૧ / અરજદાર અને પક્ષકાર નં. ૨ / સામાવાળા વચ્ચે ______________________ બાબતમાં વિવાદ ઉભો થયેલ છે. આ વિવાદનો નિકાલ લાવી આપવા માટે અમોએ અમારો કેસ કેન્દ્રીય સામાજીક ન્યાયપંચને સોંપેલ છે. કેન્દ્રીય સામાજીક ન્યાયપંચે અમો પક્ષકારોને રજુઆત કરવાની પુરતી તક આપેલ છે તેમજ અમારે જે પુરાવાઓ રજુ કરવાના હતા તે અમોએ રજુ કરી દીધા છે. હવે અમો વધુ કોઈ રજુઆત કરવા માગતા નથી. આથી આ કેસની હકીકતો, સંજોગો, પક્ષકારોની રજુઆતો અને પુરાવાઓને ધ્યાનમાં લઈને આપણી સમાજના રીત રિવાજો, પરંપરાઓ, ધારાધોરણો અને નિયમો મુજબ કેન્દ્રીય સામાજીક ન્યાયપંચ આ કેસનો જે નિર્ણય / ફેસલો આપશે તે અમો બંને પક્ષકારો કબુલ મંજુર રાખીશું અને તેનો અમલ તથા પાલન કરીશું તેવી આથી અમો બંને પક્ષકારો કબુલાત આપીએ છીએ.

સ્થળ : ______________

તારીખ : ______________

પક્ષકાર નં. ૧ / અરજદારની સહી ______________________
અને
પક્ષકાર નં. ૨ / સામાવાળાની સહી ______________________

realpatidar.com

realpatidar.com